R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction
અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-23 • ISSUE: 12 DATE: 22-03-2014• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭



## ઇટાલીયન્સ ગાર્ડસને ભારત તરફથી ફાંસી નહી અપાવાની ખાત્રીથી માછીમારોમાં હતાશા વ્યાપી

ભારત સરકારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યા મુજબ ઈટાલીયન મરીન ગાડર્સ દ્વારા બે ભારતીય માછીમારોની કરાયેલ હત્યામાં તેમની ઉપર એન્ટી ટેરીરીઝમનો કાયદો લાગુ પડાશે નહી તેવી માહીતી આપી હતી.દક્ષિણ ભારતીય દરિયા કિનારા પર બે કેરાલીયન માછીમારોની ગોળી મારીને એક ખાનગી જહાજ પર રહેલ ઈટાલીયન્સ ગાર્ડસ દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.ભારત સરકારના ઓફીશયલ તરફથી સુપ્રીમ કોર્ટમાં જણાવાયું હતું કે કાયદા મુજબ આ કેસમાં ફાંસીની સજા થઈ શકે છે પરતું આ કેસમાં તેમ કરવાનું નથી.

ઈટાલીયન મરીન્સના મેસીમીલીએનો લેટોરી, અને સાલ્વાતોર ગીરોની ખુન કર્યાનો આરોપનો સામનો કરી રહ્યા છે.તેઓના ભારતીય વકીલે જણાવ્યું હતું કે આ ગાડ્સની ભુલથી, ચેતવણી માટે કરેલ ગોળીબારનો ભોગ આ માછીમારો બન્યા હતા.ફીશરમેન એસોસીયેશન,કેરાલાએ ભારત સરકારે કરેલ બચાવો માટે ફીશરમેન કોમ્યુનીટીને અન્યાય કર્યો છે તેમ જણાવીને સરકારના પગલાંનો વિરોધ કર્યો હતો.ભારત ઈટાલી દ્વારા કરાયેલ રાજદ્વારી દબાણમાં આવી ગયું છે.જે આપણા માટે શરમજનક બાબત છે.ભારત સરકારે લીધેલ આવા નિર્ણયને કારણે ગરીબ માછીમારો જેમના મૃત્યુ થયા છે તેમને અને તેમના કુટુંબીજનોને અન્યાય થયો છે.તેમને તેમની જ સરકાર તરફથી અન્યાય થયો છે.આ એક શરમજનક બાબત છે.ટી.પીટર,પ્રેસીડેન્ટ, કેરાલા ઈન્ડીપેન્ડન્ટ ફીશરમેન ફોરમે આ જણાવ્યું હતું.

સેબેસ્ટીયન પોલ,સીનીયર વકીલ,કેરાલા હાઈકોર્ટ,દ્વારા જણાવાયું હતું કે ભારત સરકારને ઈટાલીયન સરકારની તરફેણમાં કામ કરવા માટે વધારે રસ લીધો છે.ઈટાલીય સરકાર તેમના નાગરિકો માટે ન્યાય મળે માટે લડી રહી છે.અને તેમને ભારત સરકારનો ટેકો સાંપડ્યો છે.ભારત સરકારન શરુઆતથી આ કેસ ખુન કેસ તરીકે દાખલ થાય તેમા રાજી નહોતી.ફેડરલ ડીફેન્સ મીનીસ્ટર એ.કે.એન્ટોની,કે જેઓ કેરાલાનું પ્રતિનિધિત્વ કરે છે તેમણે ભારત સરકાર ઈટાલીની તરફેણ કરે છે કે તેમના દબાણમાં કાર્ય કરે છે તેવા આક્ષેપોને નકાર્યા હતા.અમો આરોપો મુકવામાં આવ્યા છે તેને લુલા કરી નાંખવા માંગતા નથી.પરંતુ આપણા જમીની કાયદા પ્રમાણે તેમાં વર્તવાનું છે. તેવું એન્ટોનીએ જણાવ્યું હતું. માછીમારોની વિધવાઓએ યુકેન્યુઝને જણાવ્યુ હતું કે કોર્ટમાં ગમે તે નક્કી થાય પરંતુ તેથી અમારા પતિ પાછા આવવાના નથી.તેથી તેઓને લટકાવી દેવાનો કોઈ મતલબ નથી.કે તેમને જેલમાં પુરી દેવાનો કોઈ મતલબ નથી.કોઈપણ બાબત અમારા પતિઓને અમને પાછા અપાવી શકશે નહી.




## પાકિસ્તાન તાલીબાનોનો વિરોધ કરતી કરાંચીમાં જંગી રેલી યોજાઇ

પાકિસ્તાનના મુસ્લીમ કટ્ટરવાદી સંગઠન તાલીબાનો સામે કરાંચીમાં વિરોધ પ્રદર્શન કરતી જંગી રેલી યોજાઈ હતી. દસ હજારથી વધુ લોકો વિરોધમાં જોડાયા હતા.રેલીમાં સંબોધન કરતાંએ જણાવ્યું હતું કે તાલીબાનો સામે સખ્ત મીલીટરી કાર્યવાહી કરવી જોઈએ.તાજેતરમાં કરાંચીમાં બોંબ બ્લાસ્ટમાં ૧૩ નિર્દોષ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા.મહિલાઓ,બાળકો અને લઘુમતી કોમોના લોકોએ આ રેલીમાં ભાગ લીધો હતો.આ રેલીને લીબ્રેશન પોલીટીકલ પાટી દ્વારા મેનેજ કરવામાં આવી હતી.મુટ્ટાહિદા ક્યામી મુવમેન્ટે પાકિસ્તાની લશ્કરને મજબુત ટેકો આપ્યો હતો અને તેમનો તાલીબાનો સામે સજ્જડ લશ્કરી કાર્યવાહી કરવા ભલામણ કરી હતી.

ફોન ઉપર દેખાવકારોને સંબોધન કરતાં લંડન બેઝ આ મુવમેન્ટના નેતા અલતાફ હુસેને કહ્યું હતું કે પાકિસ્તાન હાલમાં ઉછરી રહેલા આતંકવાદથી પરેશાન છે અને તેમણે આ ધમકીને તાબે થયા વગર દાબી દેવાની સખ્ત જરુરીયાત છે.તાલીબાનો પાકિસ્તાન માટે કેન્સર જેવા મહાવ્યાધિ સમાન છે.તેઓ તમામ માનવતા માટે પણ કેન્સર સમાન છે.જેઓ પાકિસ્તાનની સલામતી અને તેની સાર્વભોમતા માટે જવાબદાર છે તેઓની પર પાકિસ્તાને વિશ્વાસ કરવા યોગ્ય નથી.તેમણે પોલીસ બનાવનારા અને પ્રજાના પ્રતિનિધિઓને ચેતવણી આપતાં જણાવ્યું હતું કે પાકિસ્તાન માટં તાલીબાનો દુશ્મનો સમાન અને કાયમી ધમકી સમાન છે તેને દુર કરવા જરુરી છે.

રેલીમાં એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો જેમાં જણાવાયું હતું કે પાકિસ્તાન સરકાર અને સીક્યુરીટી એજન્સીઓ આ પરિસ્થિતિમાં સખ્તાઈથી કાર્ય કરે અને આ ઉગમા વ્યાધિને ડામી દે.આજના આ એકઠા મળેલ લોકો એ જાહેર કર્યું હતું કે શીખ્સ, હિંદુઓ,ખ્રિસ્તીઓ અને બીજા લઘુમતી સમાજના સભ્યો પાકિસ્તાનના એકજ દરજ્જાના નાગરિકો છે તેમને બીજા દરજ્જાના ગણવા નહી.રાજકીય પક્ષો તાલીબાનોની હરકતો અને હિંસાનો વિરોધ કરે અને તેમનો બોયકોટ કરે તે માટે તેઓને વિનંતી કરી હતી.તાજેતરમાં પાકિસ્તાન સરકાર અને તાલીબાની સંગઠનો વચ્ચે ચાલી રહેલ વાતાઘાટો તુટી પડી હતી.પરિણામે તાલીબાનોના હુમલાઓ વધી ગયા હતા.જેમાં અનેકના મોત નિપજ્યા હતા અને ઘણા બધા ઘાયલ થયા હતા.

પાકિસ્તાન સરકાર તરફથી તાલીબાન સંગઠનોની ગતિવિધિઓ પર કાયદા મુજબ કાર્યવાહી કરવામા આવી નહી. તેમજ સત્તાવાળાઓ તરફથી તેમને છત્ર પુરુ પાડવામાં આવેલ હોવાથી તેઓ પોતાની વાત સરકાર પાસે મનાવવા માટે અવારનવાર હિંસા આચરતા રહ્યા છે.હવે લોકોએ તેનો વિરોધ કર્યો છે.

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત
લગ્નવિધિ કરાવનાર
**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,
૯૭૨૩૩૩૨૩૯૬

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

## નવ ક્રાંતિ

કાશીની સીટ પર થયેલા વિવાદ અને જીદ બાદ મુરલી મનોહર જોષીને સિફતતાથી ખસેડીને તેમને અન્ય સ્થળ પર ટીકીટ આપી દેવાઇ.ભાજપે હિદુત્વનું કાર્ડ રમીને વડાપ્રધાનપદના ઉમેદવારને જીતાડવા માટે નરેન્દ્ર મોદીને કાશીની સીટ ઉપરથી ઉમેદવાર તરીકે ઘોષિત કર્યા.સલામત સીટ શોધવા માટે ભાજપના એક સીનીયર નેતાને તેમની હદમાંથી બહાર મુકી દેવાયા.તેમણે પોતાની રીતે અનેક પ્રયત્નો કરી જોયા પરંતુ સંઘ પર હાવી થયેલ ટોળકીએ કારી ફાવવા ના દીધી.એજ રીતે પક્ષ પ્રમુખને પણ સલામત સીટ જોઇતી હતી તે કાશીની સીટની સાથે તેમણે અંકે કરી લીધી. ઉત્તર પ્રદેશ,બિહાર,મધ્ય પ્રદેશ,છત્તીસગઢ અને ઉત્તરાખંડ વિગેરેમાંથી ભાજપ વધુ સીટો ખેચી લેવા માગે છે જેથી તેમનો ઉમેદવાર વડાપ્રધાન પદની રેસમાં આગળ જઇ શકે. પરંતુ કાશીમાં વડાપ્રધાન પદના ઉમેદવાર સામે આમ આદમી સામે પડી છે.તેમને અન્ય અનેક સબળ વિરોધ પક્ષોનો સામનો કરવાનો છે. વિરોધપક્ષો તેમને ફાવવા નહી દે તેમ અત્યારના સંજોગોમાંથી દેખાઇ આવે છે. ગુજરાતમાંથી બીજી સીટમાં પણ તેમને જીતાડવા માટે પ્રયત્ન કરાશે.ગુજરાતમાંથી જીતવું સરળ બને કારણકે અહીંયા તેમની સત્તા છે અને સરકારી મશીનરીનો પુરતો ઉપયોગ કરી શકાય તેમ છે. તેમજ અહીનું વાતાવરણ તેમની વધુ તરફેણમાં છે તેથી નરેન્દ્ર મોદીએ ગુજરાત પસંદ કર્યુ હોત અને એક માત્ર સીટ પર ઉમેદવારી કરી હોત તો સારુ હતુ.

અનું. પાન નં ૪ ઉપરનું.

હતી એ તેમના પ્રવક્તા ફીલીપ પુલીલ્લાએ આ બાબતને જાહેર કરી હતી કે પોપે કોઇ દબાણમાં રાજીનામું આપ્યું નથી.

કોઇપણ જાતની શંકા કરવાની જરુર નથી કે મે રાજીનામું કેમ આપ્યું.વેટીકન ઇનસાઇડરમાં તેમણે જણાવેલ બાબત પ્રસિધ્ધ થઇ હતી.મારે માત્ર સ્વતંત્રતા જોઇતી હતી જેથી મારા માટે હું યોગ્ય નિર્ણય લઇ શકું.જેથી રાજીનામાં અંગે ઉઠતા વિવાદો અને શંકા દુરસ્ત નથી.

ગત ફેબ્રુઆરીમાં પોપ બેનીડીક્ટે જાહેર કર્યુ હતું કે તેમની ઉંમર એટલે ઘડપણ અને શારીરીક નબળાઇઓને કારણે તેઓ તેમના પદ પરથી ખસી જવા માંગે છે.કેથોલીક ચર્ચ ના ૬૦૦ વર્ષ બાદ પ્રથમ એવા પોન્ટીફ એવા નિકળ્યા કે જેમણે પોતે નિવૃત્તિ સ્વીકારી અને રાજીનામુ આપ્યું.મારી ઉંમરને કારણે મારામાં શારીરીક નબળાઇઓ આવી છે.જેથી હુ મારી ફરજ બજાવવામાં અશક્ત બન્યો છું.તેથી હું મારી ફરજોમાંથી મુક્ત બનુ છું.હવે હું હોલી ચર્ચ આપણા સુપ્રીમ પાસ્ટરની ઇસુ ખ્રિસ્ત મારફતે જાળવણી કરે.પવિત્ર મધર મેરી આ બધાને મદદ કરે ,તમામ કોર્ડીનલ ફાધર, અને મધરો મળીને નવા સુપ્રીમ પોન્ટીફને ચુંટી કાઢેય


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯


**આણંદ ખાતે લવાજમ સ્વીકારશે**

૧.શ્રી કિરીટભાઇ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

**ટચુકડી જાહેરાત રૂ.૩૦૦**

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## સંયમ રાખીએ તો જીવનનો ઉધ્ધાર થઇ શકે છે

માણસના સ્વસ્થ અને આનંદમય જીવનના પાયામાં સંયમ રહેલો છે. માણસનુ મન ચંચળ છે. તેની ક્ષણેક્ષણ વિચારોની માયાજાળમાં અટવાયેલુ છે. કરવુ કે ન કરવુ, એવી સ્થિતિમાં રગદોળાયા કરે છે. કોઇ વ્યસન કે ખરાબ ટેવ છોડવાની આવે તો, ક્ષણિક ઉભરો આવી જાય છે. પણ વળી એનુ એ જ હોય છે. તે છુટતુ નથી.કારણ કે મનનો સંયમ નથી .સંયમ દ્રઢ મનોબળથી આવે છે.જો મન કબજામાં ન રહે તો સંયમ કેવી રીતે ટકી શકે ?ઘણી વખત માણસ સ્મશાનમાં જાય અને બળતુ મડદુ જુએ એટલી વારમાં એનુ મન સંસારમાંથી ઉઠી જાય, પણ બહાર નીકળ્યા પછી તો એના એ જ હાયવલુરા ! માણસને સ્મશાનવત્ વૈરાગ્ય આવતો હોય છે.પણ એ જ સ્થિતિ કાયમી રહેતી નથી.જ્યારે એ સંયમથી વર્તે છે,ત્યારે એવી સ્થિતિ કાયમી બને છે. કોઇપણ કારણ વિના બેચેની લાગે,ત્યારે આમ કેમ થાય છે ? તો ક્યાંક મનના ઉંડાણે કોઇ ચિંતાની ચિનગારી પડી હોય તો અશાંતિ લાગે છે.જો મન અશાંત હોય તો આપણને અંદરથી ઉકળાટ લાગે છે.અશાંતિ માણસને કશું જ કરવા દેતી નથી.આપણે મન પર સંયમ રાખી શકીએ તો અશાંતિ ઉભી થતી નથી.સવાલ છે સંયમ રાખવાનો, જે સંયમ રાખી શકે એ જગત જીતી શકે છે. જેનુ મન અને શરીર સંયમ રાખી શકતુ નથી એની અધોગતિ થાય છે. આપણે જાણતા હોવાં છતાંય આપણી અધોગતિને આમંત્રણ આપીએ છીએ. જેમકે તમાકુ ખરાબ વસ્તુ છે. શરીરને હાનિકારક છે, એ બધુંજ જાણીએ છીએ, છતાંય એનુ વ્યસન છુટતું નથી. કારણકે આપણે સંયમ રાખી શકતા નથી.સંયમ એ ઉત્તમ જીવન જીવવાની ચાવી છે. એને સમજ્યા વિના વેડફી દેવાથી કેવા હાનિ થાય છે, એની ખબર હોવાં છતાં આપણે પાળી શકતા નથી.

સંયમ એટલે નિગ્રહ, નિરોધ (૨)ઇન્દ્રીયનિગ્રહ . ન નિયંત્રણ, દમન, નિગ્રહ(૩) ખેચી રાખવુ તે વિગેરે અર્થ થાય છે. માણસ અશાંત હોય તો એનુ ચિત્ત કોઇ કામમાં ચોંટી શકતુ નથી.મન જો અશાંત હોય તો શુધ્ધ ગહન જ્ઞાનથી પણ તે માણસ મેળવી શકતો નથી.તેને ખરાબ ચરિત્ર અથવા અશાંત કે અસંયમી માણસ પ્રાપ્ત કરી શકતો નથી. ગુજરાતીમાં કહેવત છે કે 'મન ચંગા તો કથરોટમાં ગંગા 'મનની પવિત્રતા અને સંયમ હોય તો આ જગતની કોઇ તાકાત તમને હલાવી શકતી નથી.આ સંસાર સાગરને તરવા માટે મનનો સંયમ એ પ્રથમ ચરણ છે. જો મન વિખરાયેલુ રહેતુ હોય તો કોઇ જ નિર્ણય લઇ શકાતો નથી.કોઇ કાર્ય પુરુ કરી શકાતુ નથી.સંયમ જ જીવનની નાવને સામેના કિનારે લઇ જાય છે. વેદવ્યાસે મહાભારતના ઉદ્યોગપર્વમાં કહ્યુ છે કે માણસનુ શરીર રથ છે. બુધ્ધિ સારથી છે. અને ઇન્દ્રીયો એના ઘોડા છે. એને વશમાં કરીને સાવધાન રહેવાવાળો ચતુર અને ધીર પુરુષ વશમાં કરેલા ઘોડાઓ દ્વારા સુખપુર્વક સંસાર રથને પાર કરે છે.મન એ હણહણતા ઘોડા જેવું છે. એને કાબુમાં રાખવામાં આવે તો આ જગતના મોટા ભાગના પ્રશ્નોનો અંત આવી શકે છે. સાથે સાથે આપણા જીવનનો પણ ઉધ્ધાર થતો હોય છે.જે પુરુષો સંયમ રાખીને, આ સંસારની આળ પંપાળમાંથી બહાર નીકળી ગયા છે, એ ઇશ્વરની નજીક પહોંચી ગયા છે. એમને આ જગતની કોઇ જ વસ્તુ સ્પર્શી શકતી નથી.આત્માવાન સંયમી પુરુષોને વિષયોમાં આસક્તિ હોતી નથી અને તે વિષયો માટે કોઇ યુક્તિ પણ કરતાં નથી. આજે તો લોકો વિષયોમાં એટલા બધા ગળાબુડ છે કે બીજા કશા વિશે વિચારી શકતા નથી.

મનકી આંખે ખોલ મનવા, એ આંખો જેની ખુલી જાય છે એનો બેડો પાર થઇ જાય છે.સંતો એવુ કહે છે કે માણસનો સૌથી મોટો અને દુશ્મન એની ઇન્દ્રીયો છે. જે એને કાબુમાં કરી લે છે, એ જગતને જીતી જાય છે.એક રીતે જોઇએ તો ઇન્દ્રીયો એ સર્વ રોગોનુ મુળ છે.જેણે સર્વોત્તમ સિધ્ધ મેળવવી છે એણે સંયમિત બનવુ પડે છે. શ્રીમદ ભાગતવમાં કહ્યુ છે કે ઇન્દ્રીયોનો સંયમ સ્વર્ગ તરફ દોરી જાય છે અને ઇન્દ્રીયોનો અસંયમ નરક તરફ. આપણે નક્કી કરવું પડે કે, આપણે શું કરવુ છે. આપણે પુર્ણતા પ્રાપ્ત કરવી હોય તો સંયમ રાખવો જોઇએ. જેને સંયમના કોઇ બંધન નડતાં નથી એ વેહેલો વિખરાઇ જાય છે. સંયમ વિનાનુ જીવન એ નાથ માંયડી વિનાના બળદ જેવુ હોય છે.જેના પર કોઇ અંકુશ જ ન હોય. તે કેવા કાર્યો કરે ?ગાંધીજી એ પણ ટકોર કરી છે કે સર્વોચ્ચ પુર્ણતાની પ્રાપ્તિ સર્વોચ્ચ સંયમ વિના સંભવ નથી.સંયમથી માનવનુ ઘડતર થાય છે.સંયમથી એક નવી દિશા ખુલી જાય છે.સંયમથી માણસના જીવનમાં આનંદનો ઉભરો આવે છે.સંયમથી માણસ સ્વસ્થ અને દીર્ઘાયુ બને છે. સંયમ જીવનનો મુલાધાર છે. સંયમ વિના, ભોગ વિલાસમાં સપડાયેલુ જીવન ધુળધાણી થઇ જાય છે. સંયમથી માણસનુ શીલ દીપી ઉઠે છે. કવિ ન્હાનાલાલે પણ કહ્યુ છે કે ' સૌદર્ય શોભા પામે છે શીલથી અન શીલ શોભા પામે છે સંયમથી 'સંયમ તો બધાનો આધારસ્તંભ છે.સંયમની કિંમત થઇ શકતી નથી.સંયમ જીવનનુ સર્વોત્તમ સુખ આપે છે.જે માણસ સંયમ રાખીને સાચી દિશા તરફની મહેનત કરે છે, એ ઘણુ બધુ મેળવી શકે છે. રુસો અને બ્રાગોન બંને એક જ વિચાર પર ઉભા છે.' સંયમ અને પરિશ્રમ એ બે માનવીના મોટામાં મોટા ડોકટર છે. એજ વાતને ઓ બ્રાગોન આગળ વધારે છે પરિશ્રમ ભુખ જગાડે છે તો સંયમ અતિ ભોગમાંથી બચાવે છે. 'આપણે જાણીએ છીએ કે જે બાબતમાં અતિરેક થાય, ત્યાંથી જ માણસનુ પતન શરુ થાય છે. વધારે પડતો ભોગવિલાસ માણસને ખલાસ કરી નાંખે છે.એના અનેક દાખલાઓ આપણી સામે ઉભેલા છે.

શરદબાબુએ પણ એ જ ધ્યાન દોર્યુ છે કે ' અતિ સંયમ એ એક પ્રકારનો અસંયમ છે,વધારે પડતો સંયમ હાનિ પહોંચાડી શકે છે, પણ દરેક બાબતમાં એની યોગ્ય માત્રામાં સંયમ રાખવો એ આપણા હિતમાં છે. જો ખાવામાં સંયમ ન રાખીએ તો શુ થાય ? કેટલાંક લોકો અકરાંતિયા થઇને ખાતાં હોયછે એના પરિણામ એ ભોગવતાં હોય છે. સંયમથી ભુખ જેટલું જ ખવાય. એ સંયમ કહેવાય,જે પોતાની જાતને સંયમમાં રાખી શકતો નથી એ ગુલામ જ સમજવો. 'ગથેએ કહ્યુ છે કે ' જે પોતાના પર શાસન નહીં કરે, તે હંમેશાં બીજાનો સેવક રહેશે. '


મનને જાણો, એને કાબુમાં રાખો, વિચારોનુ નિયંત્રણ કરો.ગાંધીજીએ એ વાત કહી છે. વિચારોનો સંયમ એ સંયમનુ પ્રથમ પગથિયુ છે. આપણને ક્યારેક કોઇ ટોકે છે કે તમારી જીભને મોઢાંમાં રાખો, જીભ મોઢાંમાં જ છે. પણ વધારે પડતુ બોલવાથી બચાવો.જે જીભને સંયમમાં રાખી શકતો નથી એને સહન કરવાનો વારો આવે છે. બાઇબલમાં કહ્યુ છે કે 'જે પોતાના મોં અને જીભ પર સંયમ રાખે છે તે પોતાના આત્માને ઉદ્વેગથી બચાવે છે.' ચિંતામુક્ત બનવુ હોય તો જીભને કાબુમાં રાખો.બધા જ સંયમોનુ મુળ જીભ અને ઇન્દ્રીયોના નિયંત્રણમાં વસે છે.કામ વગરનુ બોલવુ, વધારે પડતુ બોલવુ, ન ગમતુ બોલવુ -આ બધાના માઠા પરિણામ આવે છે.જીભની સાથે સાથે ઇન્દ્રીયોને પણ કાબુમાં રાખવી જોઇએ.

માણસમાં જો નિર્ણયશક્તિન હોય, તે સંયમ પાળી શકતો નથી. સંયમ માટે દ્રઢતા જોઇએ.ગાંધીજીએ કહ્યુ છે કે 'દુર્બળ મનનો માણસ સંયમ પાલન કરી શકતો નથી, પણ જેના મનમાં લગની હોય તે અભ્યાસથી સંયમ પાલન કરી શકે છે,અભ્યાસથી સંયમ પાલન એટલે મનની મજબુતાઇ,મન જો દ્રીધામાં હોય તો સંયમ પાળી શકાતો નથી. એક વખત કોઇ પણ કામ મનથી નક્કી થાય, પછી એમાંથી જે ડગતો નથી,કંઇ પણ થાય તોય જે પોતાની દીશામાં આગળ વધે છે એજ સાચો સંયમી 'અમુક વસ્તુ ખાવાની નથી, એવું નક્કી કર્યા પછી એ જ વસ્તુ સામે આવે અને જો મન લલચાય તો એનો અર્થ સરતો નથી.મહાત્માઓએ તો પોતાની ઇન્દ્રીયોને કાબુમાં રાખવાની વાત કરેલી છે.સુલેમાને કહ્યુ છે કે ' જેને ઇન્દ્રીયો વશમાં નથી એ દીવાલો પડી ગયેલા મકાન જેવો છે'જે મકાનને દીવાલો જ ન હોય, એને મકાન કેવી રીતે કહેવાય ?આપણી ઇન્દ્રીયોનુ પણ એવું જ છે. ઇન્દ્રીયો ઉપરનો કાબુ એ માણસની સિધ્ધિ ગણાય છે. જો ઇન્દ્રીયોને છુટો દોર આપવામાં

અનુ. પાન નં. ૪ ઉપર

# સેન્ટ્રલ આફ્રિકા રીપબ્લીકમાં આતંકીઓનો મુસ્લીમો પર ફેલાવાતા આતંક સામે ચર્ચનો આશરો

કેરનોટ, સેન્ટ્રલ આફ્રિકા રીપબ્લીક : સીલીકા મુસ્લીમ આતંકીઓ સામે પડેલા ખ્રિસ્તી એન્ટી બલાકા ગ્રુપે ચર્ચમાં આશરો લઈ રહેલ મુસ્લીમોને ચર્ચ છોડી દેવા માટે હુકમ કર્યો હતો.તેઓ ત્યાંથી ચાલ્યા જાય માટે એક અઠવાડીયાની મહેતલ આપી હતી.૩૦ જેટલા કેમરુનીયમ પીસકીપીંગ ફોર્સે હવામાં ગોળીબાર કર્યો હતો અને ગુસ્સે ભરાયેલ ખ્રિસ્તી મીલીટીઆને છુટા પડવા આદેશ આપ્યો હતો.સેન્ટ્રલ આફ્રિકન રીપબ્લીક,કેરનોટ ખાતે આવેલ કેથોલીક ચર્ચ કંમ્પાઉન્ડમાં ૮૦૦ થી વધુ મુસ્લીમો આશરો લઈ રહ્યા છે.અહીંયા મુસ્લીમ આંતંકી ગ્રુપ સીલીકા અને ખ્રિસ્તી યુવા મીલીટા ગ્રુપ વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. મુસ્લીમોએ ખ્રિસ્તીઓને તેમના પ્રદેશમાંથી હાંકી કાઢ્યા છે અને કેટલાક લોકોની હત્યા કરી છે. તેથી આ વિસ્તારમાં રહેતા ખ્રિસ્તી યુવા સંગઠને પણ તેમના જેવો જ વ્યુહ અપનાવ્યો છે. તેમણે અહીંયા વસતા મુસ્લીમોને આ વિસ્તાર છોડીને મુસ્લીમ વિસ્તારમાં જતા રહેવાની ધમકી આપી છે. જો જીવતા રહેવું હોય તો તેમણે આ વિસ્તારને છોડી દેવો પડે.જો કે કેટલાક મુસ્લીમો વષોથી અહીંયા વસે છે. તેમના કામધંધા અને મકાનો છે જેને તેઓ છોડી જવા માંગતા નથી.તેમજ આ ગુસ્સો ભરાયેલ ખ્રિસ્તી યુવા મીલીટાઓથી બચવા તેમણે ચર્ચમાં આશરો લીધો છે. આ ચર્ચના ફાધર રેવ જસ્ટીન નેરીએ જણાવ્યું હતું કે તેમને અત્યાર સુધીમાં ચાર વખત માથા પર બંધુક તાકીને કહેવામાં આવ્યું છે કે મુસ્લીમોને બચાવવાનું બંધ કરો નહીતર તમારી હત્યા કરવામાં આવશે.તેઓ આ ખ્રસ્તી સંગઠનની આંખોમાં હવે આ ફાધર ખુંચી રહ્યા છે.ચર્ચમાં આશરો લઈ રહેલા રેફ્યુજી પૈકીના કેટલાક લોકો ૧૦૦ કી.મી. દુરથી અહીંયા આવ્યા છે.ગુએન વિસ્તારમાંથી અહીયા આશરો લેવા નિકળેલા મુસ્લીમો પૈકી ૭૦ની હત્યા કરાઈ હતી. તેવું રેવ રીગોબર્ટ ડોલોન્ગોએ જણાવ્યું હતું.તેમણે આ લોકોને દફન કરવામાં મદદ કરી હતી.કેરનોટમાં મુસ્લીમો અને ખ્રિસ્તીઓ એક સાથે રહે છે.પરંતુ નોર્થ વિસ્તારમાંથી મુસ્લીમ આતંકીઓએ સત્તાવાળાઓને ઉખાડીને ફેકી દીધા બાદ કોઈ કાયદો વ્યવસ્થા રહી નથી.આ મુસ્લીમ આતંકીઓ સીલીકા નામે ઓળખાય છે.તેઓ ખ્રિસ્તી વસાહતો પર હુમલા કરે છે.જ્યારે સીલીકાનો સામનો કરવા લડતું ખ્રિસ્તી સંગઠનને એન્ટી બલાકા નામે ઓળખ અપાઈ છે.કેપીટલ બેનગુઈમાં ધીમે ધીમે શાંતિ સ્થપાઈ રહી છે. પરંતુ કેપીટલના આજુબાજુના દુરના વિસ્તારોમં પરિસ્થિતિ કાબુ બહાર છે.એહામત મહામત ૪૧, જે મોતના મોમાંથી બચ્યો છે પરંતુ તેનો ભાઈ મરાયો છે.હાલમાં તે ચર્ચના કંમ્પાઉન્ડમાં એક ઝાડ નીચે બેસીને પોતાના ધાવ ઉપર દવા લગાવી રહ્યો છે.તેને ખ્રિસ્તી મીલીટા ફાઈટર્સનો ભોગ બનવું પડ્યું હતું.આવી ગંભીર પરિસ્થિતિ હોવા છતાં તે અહીંયા રહેવા માંગે છે.તે એક ફોટોગ્રાફર તરીકે ધંધો કરતો હતો.મુસ્લીમ અને ખ્રિસ્તીઓના લગ્ન પ્રસંગે તે ફોટાગ્રાફી કરતો હતો.તેણે પોતે એક ખ્રિસ્તી સ્ત્રી સાથે લગ્ન કર્યા છે.તેણી અને તેના ત્રણ બાળકો સાથે અહીયાં તે ચર્ચ કંમ્પાઉન્ડમાં આશરો લઈ રહ્યો છે. હું અહીયા જન્મો, ઉછર્યો છું. અને અહીયાં કોઈ મુસ્કેલી નથી.મારા પડોશીઓ સારા છે.તેઓ ચર્ચમાં મારી મુલાકાત લેવા આવે છે.અને મને ખોરાક અને અન્ય મદદ પણ કરે છે.અહીયા બીજા કેટલાકે જણાવ્યુ હતુ કે અમારી મસ્જીદની પ્રાર્થના કરવા માટેની મેટ તેમજ હોલી કુરાનની નકલો આ મીલીટા લઈ ગયા છે.



મરાફા અબ્દુલમાને ૭૩,રડતાં રડતાં જણાવ્યું હતું કે મને જે ઘટના બની તે બરાબર યાદ છે. આ મીલીટાઓએ મારા ધરને ઘેરી લીધું અને મને બહાર નીકળવાનો આદેશ આપ્યો.જેથી મારે ધર છોડીને અહીયા આવવું પડ્યું છે.એક કેમરુનના વતની એ કેરનોટમાં છેલ્લા ૫૦ વર્ષથી રહે છે તેમણે જણાવ્યું હતું કે મારા પાડોશીઓએ મારા ધરમાં જે સામાન બચ્યો હતો તેને પેક કરીને મને અને મારા સામાને એક સુટકેશ સાથે ચર્ચ કંમ્પાઉન્ડમાં મુકી ગયા હતા.મારી દુકાન લુંટાઈ ગઈ છે.અને મારુ ધર આ ખ્રિસ્તી મીલીટાઓ લઈ લીધું છે.હવે હું ક્યાં જઈશ ? અમારો મુસ્લીમ પહેરવેશ પણ પહેરવાની બંધી ફરમાવાઈ છે.નમાજ પઢવાની મનાઈ છે. હું અને મારા મિત્રો અત્યારે હસી રહ્યા છીએ કે આપણે ક્યારે ચર્ચના પગથીયા પર બેસીને આ રીતે વાતો કરતા હોત ? જો કે હવે પરિસ્થિતિને માન આપીને અમારે તે સહન કરવાની છે.જો ચર્ચ અને પીસમેકર ફોર્સ ના હોત તો અમે ક્યારની મોતની ગોદમાં સુઈ ગયા હોત.તેવું મોહમંદ લામીલોઉએ જણાવ્યું હતું.છેલ્લા બે સપ્તાહથી તે અહીંયા આશરો લઈ રહ્યા છે.૧૫૦થી વધારે રેફ્યુજીએ જણાવ્યું હતું કે ચર્ચ એક એવી સલામત જગ્યા છે જેને પીસકીપીંગ ફોર્સ સંભાળી રહ્યું છે.તેથી અમો અહીયા આવ્યા છે.આફ્રિકન પીસકીપીંગ ફોર્સ તેમની ટ્રકમાં કેટલાક મુસ્લીમોને અહીયા લઈ આવી હતી. કારણકે તેઓ ચર્ચ સુધી સલામત રીતે પહોચી શકે તેમ નહોતા.બાળકોને તેમના માંબાપો ફુટબોલ રમવા પર પણ મનાઈ ફરમાઈ હતી કારણકે જો બોલ ચર્ચ કંમ્પાઉન્ડની બહાર જાય તો બહાર મીલીટા ગ્રુપના લોકો ટાંપીને બેઠા છે જે તેઓની હત્યા કરી શકે છે.રેફ્યુજીઓ માટે કોઈ આરોગ્ય માટેની વ્યવસ્થા નથી કે કોઈ સંસ્થા તેમની વહારે નથી માત્ર ચર્ચ તરફથી જે કાંઈ મદદ કરવામાં આવે છે તે મળી રહે છે.ચર્ચના ફાધરે કહ્યું હતું કે અમારા માટે ખ્રિસ્તી અને મુસ્લીમ કોઈપણ હોય બધા સરખા છે.તેઓ માણસો છે અને જો તેઓ ખતરામાં હોય તો તેમને મદદ કરવી એ અમારો ધર્મ છે. તેવું રેવ દીય સેની બીકોવોએ જણાવ્યું હતું.એન્ટી બલાકાઓ ખ્રિસ્તી નથી. તેઓ માત્ર લુંટારાઓ જ છે તેઓ મુસ્લીમોને સામેના ગુસ્સાને કારણે તેઓને લુંટી રહ્યા છે.



કેથોલીક ચર્ચમાં આશરો લઈ રહેલા મુસ્લીમ રેફ્યુજીઓ નમાઝ અદા કરી રહ્યા છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-

શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨

## ગોવા કેથોલીકોએ ચુંટણી તારીખોમાં ફેરફારની ચુંટણી કમિશન સમક્ષ માંગણી કરી

ગોવાના કેથોલીક્સ અને કેટલીક પોલીટકલ પાર્ટીઓએ ઈલેકશન કમિશન સમક્ષ આવનાર લોકસભાની ચુંટણીઓની તારીખમાં ફેરફાર કરવા વિનંતી કરી હતી .તેમણે જણાવ્યુ હતું કે ખ્રિસ્તીઓના ધાર્મિક તહેવારો આ દિવસોમાં આવે છે તેથી ચુંટણીઓમાં તેની અસર પડી શકે છે.રાજકીય પક્ષો,તેમજ સામાજીક કાર્યકરોએ ઈલેકશન કમિશન ઓફ ઈન્ડીયા સમક્ષ પીટીશન કરી હતી કે તેઓ ચુંટણીઓની જાહેર કરેલ તારીખોમાં ફેરફાર કરે.ખ્રિસ્તી સમાજના એક વકીલ રોડ્રીગ એરીસે આઈએએનએસને જણાવ્યું હતું કે જે તારીખે ગોવામાં ચુંટણી નક્કી કરવામાં આવી છે તે દિવસે ખ્રિસ્તીઓનો મોટો તહેવાર છે.મતદારો અને સરકારી કર્મચારીઓ જેઓ મતદાનની કામગીરીમાં સંકળાયેલ છે તે તમામને પોતાની ધાર્મિક આસ્થાને કારણે આ તારીખ ફાવી શકે તેમ નથી.બેન્કર બ્રુશ રોડ્રીગે એક કેથોલીક તરીકે જણાવ્યું હતું કે મોઉન્ડી અમારા ધાર્મિક જીવનમાં અગત્યનું સ્થાન ધરાવે છે.લેન્ટન એટલેકે ઉપવાસના દિવસોનો છેલ્લો દિવસ છે.અને તે પવિત્ર સપ્તાહની વચ્ચે આવે છે.આ એક સારો નિર્ણય નથી કે તે દિવસે ચુંટણી રખાય. આ પવિત્ર સપ્તાહમાં લેન્ટના દિવસો પુરા થાય છે.તેમજ પામ સન્ડે,ઈસુનો જેરુસાલેમમાં પ્રવેશ,શિષ્યો સાથેનું છેલ્લું ભોજન,ગુડ ફ્રાઈડે(ઈસુનું વધસ્તંભ પર જડાવું) અને ત્યારબાદનો રવિવાર એટલે કે પુનરુત્થાનનો દિવસ જેવા મહત્વના દિવસો આ સમયમાં આવે છે.

કોંગ્રેસ પ્રવક્તા દુર્ગાદાસ કામતે જણાવ્યું હતું કે જો ઈલેકશન કમિશન આ બાબતે કોઈ ફેરફાર નહી કરે તો લઘુમતિઓના મતનું ઓછુ મતદાન થઈ શકે છે.ગોવામાં ગુડફ્રાઈડેના દિવસનું મતદાન ફેરવી શકાય છે.જેથી બધાજ લોકો મતદાન કરી શકે.કામતે જણાવ્યું હતું કે તેમની ગોવા પાર્ટી ઈલેકશન કમિશન સમક્ષ તેમની પીટીશન રજુ કરશે.

ગોવાના કુલ ૧૫ લાખની વસ્તીમાં ૧૫ ટકા લોકો ખ્રિસ્તીઓ વસે છે.

## કેરાલા પોલીસે ખુનના મુખ્ય આરોપી તરીકે પાદરી ઉપર શંકા કરી



કેરાલા પોલીસે ૨૦૧૦માં ૧૨ વર્ષની એક બાળાના ખુન સબંધી મુખ્ય આરોપી તરીકે કેરાલાના થીરુવેનાન્થનાપુરમ રીટ્રીટ સેન્ટરના કેથોલીક પ્રીસ્ટને દર્શાવ્યા હતા.ક્રાઈમ બ્રાંચ,સ્ટેટ પોલીસ વિંગે ફાધર મુથુકુટ્ટી મુન્નાટ્ટુમુઘમ,ઓફ ચેંગાનસ્સેરી આર્ચ ડાયોસીસને મુખ્ય શંકાસ્પદ આરોપી તરીકે વર્ણવ્યા હતા.અને તેમની સામે કેરલા હાઈકોર્ટમાં રીપોર્ટ ફાઈલ કર્યો હતો. આ ફાધર આ સેન્ટરના આસી.ડાયરેક્ટર હતા.શ્રેયા નામની છોકરી,ક્રિસમસ રીટ્રીટ કેમ્પમાં,ક્રીપા ભવન,જે અલાપુઝા ખાતે આવેલ છે ત્યાં અન્ય ૬૭ છોકરીઓ સાથે ભાગ લઈ રહી હતી.તેણી ૧૭ ડીસેમ્બર,૨૦૧૦ના રોજ એકપોન્ડમાંથી મરેલી અવસ્થામાં મળી આવી હતી. આ અકસ્માતથી થયેલ મોત નહોતું પરંતુ રીપોર્ટમાં જણાવાયું હતું કે તેનું ખુન કરવામાં આવ્યું હતું.પોસ્ટમોર્ટમ રીપોર્ટમાં મેડીકલ ઓફીસરે જણાવ્યું હતું કે તેણીના હોઠ ઉપર કરડવાના નિશાન હતા,અને તેણીને બીજા વ્યક્તિ દ્વારા મારી નંખાઈ હતી.સ્થળ પરથી મેળવાયેલ ફીંગર પ્રિન્ટમાં ફાધરના ફીંગર પ્રિન્ટ મળ્યા હતા.વિન્સંન પોલ, એડીશનલ ડીરેકટર જનરલ ઓફ પોલીસ, જે ક્રાઈમ બ્રાંચની તપાસ કરે છે તેમણે જણાવ્યું હતું કે ફાધરની ઉલટ તપાસમાં તેમના જવાબો અસંગત જણાયા હતા.તેમણે નાર્કો ટેસ્ટ માટે સંમતિ આપી હતી પરંતુ પાછળથી તેઓ ફરી ગયા હતા.તેમણે પોલીસે કોર્ટ પાસે શાહેદોની તપાસ માટે રજા લેવાની વાત કરી તેનો પણ તેઓએ વિરોધ કર્યો હતો.પોલીસે કોર્ટને આ ખુન બાબતે તેમનો રીપોર્ટ રજુ કરી દીધો છે.મરણ પામનાર છોકરીના પિતા બેન્ની ઈશાપરાઈલે,ધીમી ગતિએ ચાલી રહેલ તપાસ સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.તેઓ તેમની દિકરીના મોત માટે જવાબદારો સામે ન્યાય માંગી રહ્યા છે.તેમણે કહ્યું કે ત્રણ વર્ષ પસાર થઈ ગયા પરંતુ પોલીસ ખુનીને શોધી શકી નથી.તેઓ સીબીઆઈની તપાસ માટે માંગણી કરી રહ્યા છે.તે આ બાબતે સત્ય શોધી શકે તેવું તેમનું માનવું છે.

## માજી પાપ બેનીડીક્ટે જબરજસ્તીથી રાજીનામુ આપ્યાનો ઇન્કાર કર્યો



પોપ બેનીડીક્ટે સેંટ પીટર્સ સ્કેવર ,વેટીકનખાતે તેમની જનરલ ઓડીયન્સ મીટીગ ફેબ્રુઆરી ૨૭,૨૦૧૩ ના રોજ કરી હતી.સાપ્તાહિક મીટીંગ ખાસ કરીને વિન્ટરમાં ઓડીટેરીયમમાં યોજાય છે.પરંતુ આ મીટીંગને સેટ પીટર્સ સ્કેવર ખાતે લઈ જવામાં આવી હતી,જેથી વધુ લોકો તેમાં ભાગ લઈ શકે.બે દિવસ બાદ પોપે એક ઐતિહાસિક પગલું ભર્યુ અને તે તેમના હોદ્દાનો ત્યાગ કરવાનું.આ એવા એક વ્યક્તિ હતા કે જેમણે છસો વર્ષમાં પ્રથમ વાર સત્તા ઉપરથી ખસી જવાનું નક્કી કર્યું હતું. આ રોમન કેથોલીક ચર્ચના મુખ્ય પોપ તરીકે જેમણે ગત વર્ષે રાજીનામું આપ્યું હતું તેમણે જણાવ્યું હતું કે તેઓએ કોઈપણ જબરજસ્તી કે દબાણમાં રાજીનામું આપ્યું નથી.તાજેતરમાં કેટલાક લોકોએ એવો આક્ષેપ કર્યો હતો કે પોપે દબાણ વશ થઈને આ રાજીનામું આપ્યું હતું. પરંતુ તેમણે આ બાબતને નકારી

અનું. પાન નં. ૨ ઉપર

અનુ. પાન નં. ૨ નું ચાલુ

આવ્યો હોય તો એનાં પરિણામો સારા આવતાં નથી.સારુ એ મારુ એવી ઈચ્છા રાખવી એ મુર્ખામી છે.બાઈબલમાં કહ્યુ છે કે ‘દુરાચારીણી સ્ત્રીના સોદર્ય પર ન તો પોતાના હ્રદયને મુગ્ધ થવા દો કે ન તો પોતાની જાતને તેની ચંચળ દષ્ટ્રિનો શિકાર થવા દો‘ એનાથી દુર રહેવુ એમાં જ આપણુ હિત છે, નહિતર પતન તો નિશ્ચિત છે જ.

ચીનમાં કહેવત છે કે ‘ ઓછું ખાવ, લાંબુ જીવો ‘, આપણા બધાંજ શાસ્ત્રો એકજ અવાજે કહે છે કે ભુખ કરતાં ઓછું ખાવ,જઠરને થોડુ ખાલી રહેવા દો. અકરાંતિયાની જેમ ખાઈને મોતને કે રોગને આમંત્રણ આપવુ જોઈએ નહી.આ બધુંજ હોવા છતાં આપણી જીભને જે સ્વાદ લાગે છે તે છુટતો નથી. ભોજન અને ભાષણમાં સંયમ રાખો.અતિ ભોજન અને અતિ ભાષણ બંને પ્રાણનો તરત જ નાશ કરે છે. ગુજરાતીમાં કહેવત છે કે ‘જે વધારે ખાય તે લુખ્ખુ અને વધારે બોલે તે જુઠ્ઠુ ‘ ખાવામાં અને બોલવામાં સંયમ રાખવાથી ઘણા ફાયદા થાય છે.મનને લગામ લગાવવી જોઈએ. એની સાથે બધી જ ઈન્દ્રીયોને કાબુમાં રાખવા માટે સરળતા રહે છે. કોઈ પણ બેકાબુ હોય તો તે નુકશાન કરે છે.ઈન્દ્રીયોનુ પુર માણસને ખતમ કરી શકે છે.આત્મસંયમ માણસને ઉગારે છે.મનની શાંતિ એ બધાજ દુઃખોની દવા છે.જે વિદ્વાન છે, સમજુ છે, શાસ્ત્રોન અભ્યાસ કરેલો છે,જે મનની ગતિવિધિઓ સમજી શક્યો છે. તેને શાંતિ સહેજ છે.જેનામાં સમજનો અભાવ છે તે હંમેશાં દુઃખી છે.મનને કાબુમાં રાખવુ એ ખાંડાના ખેલ જેવું છે. એકદમ ઉચ્છંખલ ઘોડાને પળોટવા બરાબર ગણાય છે. જો તે કાબુમાં ના રહે તો આપણને નુકશાન કરી શકે છે, તેથી તે સાવધાનીથી કરવુ પડે છે.મનને વશમાં રાખવામાં જો સહેજ ચુક થાય તે એના માઠા પરિણામ આવતાં હોય છે.

સંયમથી લડાઈ-ઝગડા થતા નથી.વેર વધતુ નથી.જ્યાં વિવાદ છે ત્યાં સંયમ હોતો નથી.સંયમ વિનાની જીંદગી એ કિનારા વિનાની નદી જેવી છે.એવી નદીનુ પાણી ક્યારે ક્યાં જાય તે કહેવાય નહી.જ્યાં કિનારો હોતો નથી ત્યાં આફત હોય છે.જેનુ મન ભટકતુ હોય છે, ત્યાં અશાંતિ જ હોય છે.સંયમ આ બધાનુ ઓસડ છે. સંયમ એ વહેતો પ્રવાહ છે. સંયમ સફળતાની કુંચી છે.માણસના વિકાસના પાયામાં સંયમ છે. કાકાસાહેબ કાલેલકરે કહ્યુ છે કે ‘સંયમ દ્વારા માણસની અનુભવ શક્તિ વધે છે.દરેક પ્રકારનુ સામર્થ્ય વધે છે.સારાસારનો ભેદ સમજવાની સુક્ષ્મ બુધ્ધિ વધે છે અને માનવજીવન સફળતા સુધી પહોચે છે.સંયમમાં જ જીવન સાફલ્યની પરાકાષ્ઠા છે. ‘

ડૉ.કિશોરસિંહ સોલંકી
(સૌ. સંદેશ)


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ
સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોન: ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની
એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.